રજૂ તારીખ : ૧૮.૦૩.૨૦૨૬
દાખલ તારીખ : ૧૮.૦૩.૨૦૨૬
ફેંસલ તારીખ : ૨૩.૦૩.૨૦૨૬

| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦ | ૦ | ૫ |

આંક-..........

## સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત

**જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૫૨/૨૦૨૬**

અરજદારઃ **કમરાનસીંગ પ્રહલાદસીંગ રઘુવીરસીંગ બઘેલ,**
ઉં.આ.૭૧ વર્ષ, ધંધોઃ વેપાર,
રહેવાસીઃ ગલી નં.૩, ગુલાબરા મહોલ્લો, ગામ છીદવાડા, તા.પો. થાના છીદવાડા, જિ.છીદવાડ, મધ્યપ્રદેશ.

વિરુદ્ધ

સામાવાળાઃ શ્રી સરકાર.

**વિષયઃ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩(૧)(બી) અન્વયે અરજી.**

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રીશ્રી એન.એમ.વઘાસીયા
સામાવાળા તરફે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા

## ચૂકાદો

(૧) અરજદાર–આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩(૧)(બી) ની જોગવાઈ મુજબ, તેમનો અસલ પાસપાર્ટ પરત જમા કરાવવાની સમય–મર્યાદામાં વધારો કરવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) હાલની અરજી સંદર્ભે આ કામના સામાવાળાને નોટિસ બજતા, ફરિયાદ પક્ષે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા હાજર થયેલ છે. તપાસ કરનાર અધિકારી દ્વારા આંક–૪ થી રજૂ કરવામાં આવેલ અભિપ્રાય વંચાણે લીધો. પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજૂઆત સાંભળી તેમજ રેકર્ડ વંચાણે લીધું.

(૩) અરજદારની અરજીની વિગતો તેમજ બંને પક્ષકારોના વિ.ધારાશાસ્ત્રીઓ તરફે કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લેતાં એવું જણાઈ આવે છે કે, અરજદાર–આરોપીએ સરથાણા પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૦૮૨૧૦૩૯૬/૨૦૨૧, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી), ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦ ની કલમ–૬૬(ડી), પ્રાઈઝ ચીટ એન્ડ મની સરક્યુલેશન સ્કીમ્સ (બેનીંગ) એક્ટ, ૧૯૭૮ ની કલમ–૪, ૫, ૬, ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાયનાન્સીઅલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ ની કલમ–૩ ના કામે જામીન મુક્ત થયા બાદ રીન્યુઅલના હેતુસર તેમના અસલ પાસપોર્ટ વચગાળાના સમય માટે પરત મેળવવા અત્રેની કોર્ટ સમક્ષ જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૪૨/૨૦૨૬ દાખલ કરેલ, જે અત્રેની કોર્ટ દ્વારા તારીખઃ ૨૦.૦૨.૨૦૨૬ ના રોજ કેટલીક શરતોને આધીન મંજૂર કરવામાં આવેલ અને અરજદાર–આરોપીને તારીખઃ ૨૩.૦૨.૨૦૨૬ થી તારીખઃ ૨૩.૦૩.૨૦૨૬ સુધીના સમયગાળા માટે તેમનો અસલ

પાસપોર્ટ રીન્યુઅલના હેતુસર પરત સોંપવાનો હુકમ કરવામાં આવેલ. અરજદાર–આરોપી તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, તેમણે તેમનો અસલ પાસપોર્ટ રીન્યુઅલના હેતુસર પાસપોર્ટ ઑથોરીટીમાં જમા કરાવેલ છે, પરંતુ પાસપોર્ટ ઑથોરીટી દ્વારા અરજદાર–આરોપીના પોલીસ વેરીફીકેશન બાદ નવો પાસપોર્ટ ઈસ્યુ કરવામાં આવેલ નથી તેમજ તેનો જૂનો પાસપોર્ટ તેમને પરત આપેલ નથી. આ સંજોગોમાં અરજદાર–આરોપીને તેમનો પાસપોર્ટ અત્રેની કોર્ટમાં જમા કરાવવાની સમય–મર્યાદામાં વધારો કરવા રજૂઆત કરેલ છે. અરજદાર–આરોપીની અરજીની વિગતો અને તેમના વિ.ધારાશાસ્ત્રીશ્રી તરફે કરવામાં આવેલ રજૂઆત ધ્યાને લેતાં, અરજદાર–આરોપીને પાસપોર્ટ ઑથોરીટી તરફથી રીન્યુ થયેલ પાસપોર્ટ આપવામાં આવેલ ન હોઈ, અરજદાર–આરોપીને પાસપોર્ટ પરત જમા કરાવવાની સમય–મર્યાદામાં વાજબી સમયનો વધારો કરવો ઉચિત જણાય છે, જેથી જેથી ઉપરોક્ત તમામ વિગતોને અનુલક્ષીને અરજદાર–આરોપીની હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ–

## હુકમ

**૧.** અરજદારની જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.પર/૨૦૨૬ આથી **અંશતઃ મંજૂર** કરવામાં આવે છે.

**૨.** અત્રેની કોર્ટ દ્વારા જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૪૨/૨૦૨૬ ના કામે તારીખઃ ૨૦.૦૨.૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ હુકમમાં ફેરફાર કરીને અરજદાર–આરોપીને તેમનો અસલ પાસપોર્ટ પરત જમા કરાવવાની સમય–મર્યાદા જે તારીખઃ ૨૩.૦૩.૨૦૨૬ સુધીની હતી, તેમાં **૧ (એક) માસનો અથવા તો રીન્યુ થયેલ પાસપોર્ટ મળ્યાની તારીખથી દિન–૩ (ત્રણ) માં, બે**

**માંથી જે વહેલું હોય તેટલા સમય માટે વધારો** કરવા હુકમ કરવામાં આવે છે.

**૩.** અત્રેની કોર્ટ દ્વારા જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૪૨/૨૦૨૬ ના કામે તારીખઃ ૨૦.૦૨.૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ હુકમની અન્ય શરતો યથાવત રહેશે.

**૪.** આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૨૩મી** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/-
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP